# ગુજરાત જાહેર સેવા આયોગ

ગુજરાત જાહેર સેવા આયોગ દ્વારા જા.ક્ર.-૪૪/૨૦૧૮-૧૯ થી જા.ક્ર.-૫૪/૨૦૧૮-૧૯ માટે તારીખ-૧૬/૦૮/૨૦૧૮ (૧૩:૦૦ કલાક) થી તારીખ-૩૧/૦૮/૨૦૧૮ (૧૩:૦૦ કલાક) સુધી **Online** અરજીઓ મંગાવવામાં આવે છે. સદરહુ જગ્યાઓની મુખ્ય અને અગત્યની વિગતો જેવી કે શૈક્ષણિક લાયકાત, અનુભવ, ઉંમર, પગાર ધોરણ, ઉંમરમાં છૂટછાટ, અરજી ફી, ઓનલાઈન અરજી કરવાની રીત, જાહેરાતની સામાન્ય જોગવાઈઓ તથા અન્ય વિગતો આયોગના નોટીસ બોર્ડ ઉપર અથવા આયોગની વેબસાઈટ https://gpsc.gujarat.gov.in/ અને https://gpsc-ojas.gujarat.gov.in ઉપર જોવા વિનંતી છે. જાહેરાતની બધીજ-સંપૂર્ણ વિગતો આયોગની વેબસાઈટ પર જોયા બાદ જ ઉમેદવારે https://gpsc-ojas.gujarat.gov.in પર **Online** અરજી કરવાની રહેશે. ઉંમર ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખના રોજ ગણવામાં આવશે.

| જાહેરાત ક્રમાંક | જગ્યાનું નામ | કુલ જગ્યાઓ | કક્ષાવાર જગ્યાઓ | | | | કક્ષાવાર જગ્યાઓ પૈકી મહિલાઓ માટે અનામત જગ્યાઓ | | | | કુલ જગ્યાઓ પૈકી શારીરિક અશક્તતા માટે અનામત | કુલ જગ્યાઓ પૈકી માજી સૈનિક માટે અનામત | પ્રાથમિક/સ્પર્ધાત્મક કસોટીની સૂચિત તારીખ | પ્રાથમિક/સ્પર્ધાત્મક કસોટીના પરિણામનો સંભવિત માસ | રૂબરૂ મુલાકાતનો સંભવિત માસ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | ૪ | | | | ૫ | | | | | | | | |
| ૧ | ૨ | ૩ | બિન અનામત | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | બિન અનામત | સા.શૈ.પ. વર્ગ | અનુ. જાતિ | અનુ. જનજાતિ | ૬ | ૭ | ૮ | ૯ | ૧૦ |
| ૪૪ | આચાર્ય, ગુજરાત કૌશલ્ય તાલિમ સેવા,વર્ગ-૨ | ૫૭ | ૨૭ | ૨૦ | ૦૧ | ૦૯ | ૦૯ | ૦૭ | - | ૦૩ | ૦૩ | ૦૨ | ૨૫-૧૧-૨૦૧૮ | ડિસેમ્બર-૨૦૧૮ | ફેબ્રુઆરી-૨૦૧૯ |
| ૪૫ | ભાષાંતરકાર વર્ગ-૩ | ૦૧ | ૦૧ | - | - | - | - | - | - | - | - | - | ૦૩,૦૪-૧૧-૨૦૧૮ | ડિસેમ્બર-૨૦૧૮ | - |
| ૪૬ | પશુ ચિકિત્સા અધિકારી, વર્ગ-૨ | ૪૦ | ૨૨ | ૧૦ | ૦૨ | ૦૬ | ૦૭ | ૦૩ | ૦૧ | ૦૨ | - | - | ૨૩-૧૨-૨૦૧૮ | ફેબ્રુઆરી-૨૦૧૯ | એપ્રિલ-૨૦૧૯ |
| ૪૭ | પ્રાદ્યાપક, હોમિયોપેથીક (મટીરીયા મેડીકા), વર્ગ-૧ | ૦૧ | - | - | - | - | - | - | - | - | - | - | ૨૫-૧૧-૨૦૧૮ | જાન્યુઆરી-૨૦૧૯ | માર્ચ-૨૦૧૯ |
| ૪૮ | પ્રાદ્યાપક, હોમિયોપેથીક (ઓર્ગેનન ઓફ મેડીસીન), વર્ગ-૧ | ૦૧ | - | - | - | - | - | - | - | - | - | - | ૨૫-૧૧-૨૦૧૮ | જાન્યુઆરી-૨૦૧૯ | માર્ચ-૨૦૧૯ |
| ૪૯ | મદદનીશ ઇજનેર (યાંત્રિક), વર્ગ-૨ (ન.જ.પા. પુ. ક. વિભાગ) | ૨૧ | ૧૧ | ૦૨ | - | ૦૮ | ૦૩ | - | - | ૦૨ | - | - | ૨૦-૦૧-૨૦૧૯ | માર્ચ-૨૦૧૯ | મે-૨૦૧૯ |
| ૫૦ | નાયબ નિયામક, ગુજરાત આંકડાકીય સેવા, વર્ગ-૧ | ૦૬ | ૦૨ | ૦૩ | - | ૦૧ | - | ૦૧ | - | - | - | - | ૨૩-૧૨-૨૦૧૮ | ફેબ્રુઆરી-૨૦૧૯ | એપ્રિલ-૨૦૧૯ |
| ૫૧ | સંશોધન અધિકારી, ગુજરાત આંકડાકીય સેવા, વર્ગ-૨ | ૨૩ | ૧૦ | ૦૬ | ૦૧ | ૦૬ | ૦૩ | ૦૨ | - | ૦૨ | - | - | ૦૬-૦૧-૨૦૧૯ | માર્ચ-૨૦૧૯ | મે-૨૦૧૯ |
| ૫૨ | ટીબી એન્ડ ચેસ્ટ ડીસીઝ સ્પેશ્યાલીસ્ટ, કા.રા.વિ.યો, વર્ગ-૧ | ૦૧ | ૦૧ | - | - | - | - | - | - | - | - | - | ૦૪-૧૧-૨૦૧૮ | જાન્યુઆરી-૨૦૧૯ | માર્ચ-૨૦૧૯ |
| ૫૩ | બાળ વિકાસ યોજના અધિકારી (મહિલા), વર્ગ-૨ | ૫૬ | ૨૭ | ૧૭ | ૦૫ | ૦૭ | ૨૭ | ૧૭ | ૦૫ | ૦૭ | ૦૨ | - | ૦૪-૧૧-૨૦૧૮ | જાન્યુઆરી-૨૦૧૯ | માર્ચ-૨૦૧૯ |
| ૫૪ | પીડિયાટ્રીશીયન, વર્ગ-૧ | ૧૪૫ | ૭૩ | ૪૪ | ૦૮ | ૨૦ | ૨૪ | ૧૪ | ૦૨ | ૦૬ | ૦૬ | ૦૧ | ૦૪-૧૧-૨૦૧૮ | જાન્યુઆરી-૨૦૧૯ | માર્ચ-૨૦૧૯ |

નોંધ:- (૧) આખરી પરિણામ રૂબરૂ મુલાકાત પૂર્ણ થયાના અંદાજિત ૧૦ કામકાજના દિવસો દરમ્યાન પ્રસિધ્ધ કરવામાં આવશે.

(૨) સીધી ભરતીના (જા. ક્ર. ૪૫ સિવાય) કિસ્સામાં પ્રાથમિક કસોટીમાં આયોગે નક્કી કરેલ લાયકી ધોરણમાં આવતા અને જાહેરાતમાં ભરતી નિયમમાં દર્શાવેલ જોગવાઇઓ સંતોષતા ઉમેદવારોને રૂબરૂ મુલાકાતમાં બોલાવવામાં આવશે. ઉમેદવારોની આખરી પસંદગી પ્રાથમિક કસોટીમાં ૩૦૦ ગુણમાંથી જે ગુણ મેળવેલ હશે તેનું ૫૦% ગુણભાર અને રૂબરૂ મુલાકાતના ૧૦૦ ગુણમાંથી મેળવેલ ગુણના ૫૦% ગુણભારના પ્રમાણસહ ગણતરી કરીને કુલ ગુણના આધારે કરવામાં આવશે. એટલે કે, પ્રાથમિક કસોટી અને રૂબરૂ મુલાકાતના અનુક્રમે ગુણ ૩૦૦ અને ૧૦૦માંથી મેળવેલ ગુણનું ૫૦-૫૦ ટકા વેઇટેજ આપવામાં આવશે. પ્રાથમિક કસોટીમાં ૧૦૦ ગુણના ૧૦૦ પ્રશ્નો સામાન્ય અભ્યાસના તથા ૨૦૦ ગુણના ૨૦૦ પ્રશ્નો સંબંધિત વિષયના રહેશે. પસંદગી યાદી મેરીટના આધારે આખરી કરવામાં આવશે. આખરી પરિણામ વખતે જ ઉમેદવારે મેળવેલ આખરી ગુણ જાહેર કરવામાં આવશે.

(૩) જા. ક્ર. ૪૫ ના સંદર્ભમાં પરીક્ષામાં ઉપસ્થિત ઉમેદવારોના ગુણના આધારે કામચલાઉ મેરીટ મુજબ આયોગના તા. ૩૧-૦૩-૧૮ ના કચેરી હુકમ: પરચ-૨૦૦૭-૧૭૬-આરએન્ડી અનુસારના ધોરણો મુજબની સંખ્યાના ઉમેદવારોની અરજી ચકાસણીને પાત્ર ઉમેદવારોની (કામચલાઉ) યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે તથા તે પૈકી ભરતી નિયમોની જોગવાઇ સાથે તમામ લાયકાતો સંતોષતા હશે તેવા ઉમેદવારોની આખરી પસંદગી યાદી ગુણવત્તાના ક્રમમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

(૪) ઉમેદવારોની પ્રાથમિક કસોટીની OMR Answer Sheet પ્રાથમિક કસોટી પૂર્ણ થયા બાદ વહેલી તકે આયોગની વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવામાં આવશે

(૫) (૧) ઉમેદવારોએ જાહેરાત ક્રમાંક અને જગ્યાનું નામ સ્પષ્ટ રીતે વાંચીને ઓનલાઈન અરજી કરવી. ઓન-લાઈન અરજી કરતી વખતે તમામ વિગતો અરજીપત્રકમાં ભર્યા બાદ, તે વિગતોની ખાતરી કરીને ત્યાર પછી જ અરજી કન્ફર્મ કરવાની રહેશે. (૨) કન્ફર્મ થયેલ અરજીપત્રકની વિગતો કે તેમાં ઉમેદવારે આપેલ માહિતીમાં ક્ષતિ કે ચૂક બાબતે સુધારો કરવાની રજૂઆત / વિનંતી ગ્રાહ્ય રાખવામાં આવશે નહિ. (૩) એક કરતાં વધારે સંખ્યામાં અરજી કર્યાના કિસ્સામાં છેલ્લે કન્ફર્મ થયેલ અરજીપત્રક જ માન્ય રાખવામાં આવશે. બિન-અનામત વર્ગના ઉમેદવારો માટે છેલ્લે કન્ફર્મ થયેલ ફી સાથેનું અરજીપત્રક માન્ય રાખવામાં આવશે. (૪) ઉમેદવારોએ રૂબરૂ મુલાકાતને પાત્ર થયાના કિસ્સામાં રજૂ કરવાના થતા પ્રમાણપત્રો (સામાન્ય સૂચનાઓમાં આપેલ ક્રમમાં) તૈયાર રાખવાના રહેશે.

(૬) ઉમરનાં પુરાવા માટે SSCE CERTIFICATE (જન્મ તારીખ દર્શાવેલ) જ રજૂ કરવું. અન્ય કોઈપણ દસ્તાવેજ માન્ય ગણાશે નહીં. સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ NON CREAMY LAYER CERTIFICATE (NCLC) માટે પરિશિષ્ટ-ક/ પરિશિષ્ટ-૪ (ગુજરાતી) જ રજૂ કરવું. ANNEXURE-'A' (ENGLISH) માન્ય ગણાશે નહીં.

(૭) ઉમેદવારોને ખાસ સલાહ આપવામાં આવે છે કે Online અરજી કરવા માટે તા. ૩૧-૦૮-૨૦૧૮ ના ૧૩:૦૦ કલાક સુધી જ વેબસાઇટ ખુલ્લી રહેશે માટે આખરી દિવસો સુધી રાહમાં નહિં રહેતા Online અરજીપત્રક્માં તમામ વિગતો કાળજીપૂર્વક ચકાસીને વહેલી તકે ભરવા અને ઓનલાઇન અરજી Confirm કરવા જણાવવામાં આવે છે. ઉમેદવાર દ્વારા નિયત સમયમાં Online અરજીપત્રક ભરી Confirm કરવું ફરજીયાત છે. જેમાં ચુક થયેથી ઉમેદવાર જ જવાબદાર રહેશે.

(૮) One Time Registration (OTR) ઉમેદવારને ઓનલાઇન અરજી ઝડપથી કરવા માટેનું સહાયક મોડ્યુલ છે તે કરવા માત્રથી Online કરેલ અરજી Confirm થયેલી ગણાશે નહિં. આથી OTR કર્યા બાદ ઉમેદવારે Online કરેલ અરજી ફરજીયાતપણે Confirm કરવાની રહે છે

(૯) આયોગ દ્વારા જાન્યુઆરી-૨૦૧૮ માં પ્રસિદ્ધ થયેલ ભરતી કેલેન્ડર અનુસાર પ્રસ્તાવિત જાહેરાતો પૈકી બાકી રહેતી જાહેરાતો હવે પછી આપવામાં આવશે.

તારીખ-૧૫/૦૮/૨૦૧૮